ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / 454 તા. 22 JUL 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
ધીરજલાલ સી કક્કડ
૨૨૩,વસુંધરા કોમ્પ્લેક્ષ,
કમલાબાગ પાસે,પોરબંદર
જી. :પોરબંદર, પીનકોડ. :૩૬૦૫૭૭ મોબાઈલ : ૯૯૦૯૦૧૮૫૯૦

વિષય : પોરબંદર જી.આઈ.ડી.સી માં આવેલ અમારી ફેક્ટરી માં કનેક્શન આપવામાં પીજીવીસીએલ દ્વારા કરવામાં આવતા અન્યાય બાબ

સંદર્ભ : ધીરજલાલ સી કક્કડ ની રજુઆત તારીખ: ૨૦.૦૪.૨૦૨૨

(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૦૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, પોરબંદર શહેર

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ઉદ્યોગનગર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908
પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/454 તા.. 22.7.22

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૦૪/ક્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી ધીરજલાલ સી કક્કડ ગામ – પોરબંદર
સબડીવીઝન: ઉદ્યોગનગર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી એન.આઈ.ઉપાધ્યાય |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: સોમવાર (૨૭-૦૬-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૭-૦૬-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમારો પોરબંદર જી.આઈ.ડી.સી વસાહત માં પ્લોટ નં ૩૨૩ આવેલ છે. આ પ્લોટ પર નવું કનેક્સન લેવા અમો દ્વારા ૧૨ માસ અગાઉ પી.જી.વી.સી એલ કચેરી માં જરૂરી ફોર્મ ભરી જરૂરી ડોક્યુમેન્ટ જમા કરાવી પી.જી.વી.સી.એલ માં અરજી કરેલ છે . તે અંગે પી.જી.વી.સી.એલ ના પત્ર માં જણાવ્યા મુજબ અગાઉ ના કોઈ ગ્રાહક ની બેંક ગેરેંટી બાકી હોઈ જેથી આપે અમારું કનેક્સન અટકાવેલ છે તે અન્વયે અમો એ જણાવેલ કે આ બેંક ગેરેંટી જુના ગ્રાહક દ્વારા

આપવાની થતી હતી હાલ આ જગ્યા ના માલિક અમો છે જે અંગે ના પુરાવા અમો એ આપ સાહેબ ને અરજી સાથે આપેલ છે.અને ઉપરોક્ત બાબત માં પી.જી.વી.સી.એલ દ્વારા સેટલમેંટ કરી ૧૫ લાખ જેવી માતબર રકમ તો પી.જી.વી.સી.એલ ને મળેલ છે. અને તમામ મૂળ રકમ ચૂકતે થયેલ છે. ફક્ત એક બેંક ગેરેંટી જૂની પાર્ટી દ્વારા અપાયેલ નથી અને તેના થી પી.જી.વી.સી.એલ ને કોઈ આર્થીક નફો કે નુકસાન થતું હોઈ તેવું જણાતું નથી. અમો આ જી.આઈ.ડી.સી માં ૧૯૯૨ થી ધંધો રોજગાર કરીએ છે અને ૨ ફેક્ટરી ધરાવીએ છે અમારા પર પી.જી.વી.સી.એલ નુ ક્યારેય કોઇપણ લેણું ચડત થયેલ નથી કે કોઈ કેસ કે ચોરીનો બનાવ બનેલ નથી અમો એક પી.જી.વી.સી.એલ ના સારા ગ્રાહક તરીકે ની છાપ ધરાવીએ છે અને અમો એ જયારે આ ફેક્ટરી ખરીદી વખતે પણ અમો પી.જી.વી.સી.એલ ની ઓફીસ પર રૂબર પૂછવા ગયેલા હતા કે આ પ્લોટ પર બાકી લેણું છે કે નહિ તો ત્યાંથી એવું કહેલ હતું કે ના આ પ્લોટ પર કોર્ટ માં સમાધાન થયેલ છે અને પૂરી રકમ ભરપાઈ કરેલ છે જયારે હવે એવું કહે છે કે આ અંગે તમારે ૮ લાખ જેવી માતબર રકમ ભરવા જણાવેલ છે. ત્યારબાદ જ આમો દ્વારા આ ફેક્ટરી ખરીદ કરવામાં આવેલ હતી તેથી અમો આ કેસ માં એકદમ નિર્દોષ છે અંગે અમો ને ખોટી રીતે પી.જી.વી.સી.એલ દ્વારા હેરાન કરવામાં આવે છે અને અન્યાય કરવામાં આવે છે. તો આ કેસ ને સ્પેસ્યલ કેસ ગણી અમોને કનેક્સન અને ન્યાય મળી રહે તે અંગે આગળ ની કાર્યવાહી કરવા અમારી રજૂઆત છે આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ઉપરોક્ત વિષયે આપશ્રીને જણાવવાનું કે અત્રેની વિભાગીય કચેરી હેઠળની ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા GIDC એરિયામાં પ્લોટ નંબર ૩૨૩ પર પારસમણી આઈસ ફેક્ટરી ગ્રાહક નંબર 85901/00757/3 LTMD વીજ કનેક્શન આવેલ હતું. જે પીડીસી ગ્રાહક છે. હાલના પ્લોટના કબજેદાર શ્રી ધીરજલાલ સી. કક્કડ દ્વારા તે પ્લોટ ઉપર નવું કનેક્શન મેળવવા માટે અત્રેની કચેરીનો સંપર્ક કરેલો હતો પરંતુ ત્યાં લીગલ કારણોસર વીજ કનેક્શન ન મળતા અરજદાર દ્વારા માનનીય ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રને સંદર્ભ નં.૧ થી ફરિયાદ/રજૂઆત કરેલ છે.પારસમણી આઈસ ફેક્ટરી ગ્રાહક નંબર 85901/00757/3 LTMD 44KW નું વીજ કનેક્શન પ્લોટ નં. ૩૨૩ પર આવેલ હતું. તારીખ ૧૦.૦૨.૨૦૧૮ના રોજ તે સમયે પ્લોટના કબજેદાર/માલિક દ્વારા આ કનેક્શન પેટેની બાકી રકમનું સમાધાન લોક અદાલતમાં કરેલ હતું અને મૂળ રકમ ૧૫,૭૬,૦૦૦=૦૦ હતી જે મૂળ રકમ તેમના દ્વારા ભરપાઈ કરેલ છે. લોક અદાલતમાં સમાધાનની શરતો/નિયમ મુજબ જો DPCની રકમ 100% માંડવાળ કરવાની હોય તો 25% DPC ની રકમ જેટલી બેંક ગેરેંટી સમાધાન કરનારે રજુ કરવાની હોય છે. તેમજ છ માસમાં કનેક્શન મેળવવાનું હોય છે. પરંતુ તે સમયે સમાધાન કર્તા દ્વારા બેંક ગેરેંટી રજુ કરેલ નહિ અને સ્થળ પર સમય મર્યાદામાં વીજ કનેક્શન પણ મેળવેલ નહિ.

3.૧ ત્યારબાદ હાલના અરજદાર/કબજેદાર શ્રી ધીરજલાલ સી. કક્કડ દ્વારા આ પ્લોટ વેચાણ લીધેલ હોય અને તેમના દ્વારા પ્લોટ નં. ૩૨૩ પર નવું વીજ કનેક્શન મેળવવાનું હોય પરંતુ સ્થળ પર 25%

DPCની રકમ બાકી હોવાના કારણે નવું વીજ  કનેક્શન આપી શકાય તેમ નથી.આમ લોક અદાલતની શરતોનું પાલન ન થતા 25% DPC ની રકમ ગ્રાહકના ખાતામાં જમા કરી શકેલ નહિ અને આ રકમ ૮,૧૩,૬૧૨=૦૦ રૂપિયા બાકી રહેલ છે. આમ રકમ બાકી હોવાના કારણે  અરજદારની નવા નિજ કનેક્શનની  અરજી ગ્રાહ્ય રાખેલ નથી.

:: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદાર દ્વારા જી.આઈ.ડી.સી. વસાહત પોરબંદર માં પ્લોટ નં. ૩૨૩ માં નવું કનેક્શન લેવા અરજ ગુજારેલ છે. સામાવાળા પીજીવીસીએલ દ્વારા અગાઉ ના કોઈ ગ્રાહક ની બેન્ક ગેરેંટી બાકી હોય જેથી અરજદાર ને કનેક્શન મળી શકે નહીં અને અટકાવેલ છે.

૪.૨ આ કામ માં રજુ થયેલ પક્ષકારો ની લેખિત તથા મૌખિક રજૂઆતો કાયદા ની પરિસ્થિતિ ધ્યાને લઈ હાલ ના અરજદાર સદરહુ ઉપરોક્ત જણાવેલ સ્થળ ના નવા કબજેદાર/માલિક છે. આ સ્થળ ઉપર અગાઉ વીજ કનેક્શન ચાલુ હતું જે પારસ મણિ આઈસ ફેક્ટરી ગ્રા.નં. ૮૫૯૦૧/૦૦૭૫૭/૩ ના એલ.ટી.એમ.ડી. આવેલ હતું જે પીડીસી થયેલ હતું અને જેના બાકી લેણા ની વસૂલાત માટે સામાવાળા પીજીવીસીએલ દ્વારા જે તે વખતે ના જૂના ગ્રાહક સામે તાલુકા કાનૂની સેવા સમિતિ પોરબંદર સમક્ષ પ્રિ.લિટિગેશન કેસ નં. ૦૧/૨૦૧૮ થી દાખલ કરેલ જેમાં તા. ૧૦.૦૨.૨૦૧૮ ના રોજ આ કનેક્શન પેટે ની બાકી રકમ નું સમાધાન લોક અદાલત માં કરેલ હતું અને મૂળ રકમ રૂ. ૧૫,૭૬,૦૦૦/- હતી જે લોક અદાલત માં થયેલ સમાધાન મુજબ હપ્તા થી પૂર્ણ ભરપાઈ થયેલા નું જણાઈ આવે છે. અને આ હુકમ નામા મુજબ ની સામાવાળાની તમામ રકમ ભરપાઈ થયા અંગે કોઈ તકરાર નથી સામાવાળા ની રજૂઆત મુજબ લોક અદાલત મા સમાધાન ની શરતો/નિયમ મુજબ જો પીડીસી ની રકમ ૧૦૦% ટકા માંડવાળ કરવાની હોય તો ૨૫% ટકા પીડીસી ની રકમ જેટલી બેન્ક ગેરેન્ટી સમાધાન કરનારે રજૂ કરવાની હોય છે તેમજ છ માસ મા કનેક્શન મેળવવા નું હોય છે. પરંતુ તે સમયે સમાધાન કર્તા દ્વારા બેન્ક ગેરેન્ટી રજૂ કરેલ નહીં અને સ્થળ પર સમય મર્યાદામાં વીજ કનેક્શન પણ મેળવેલ નહીં આમ લોક અદાલત ની શરતો નું પાલન ન થતાં ૨૫% ટકા ડીપીસી ની રકમ રૂ. ૮,૧૩,૬૧૨/- વતા નિયમોનુસર વ્યાજ ની રકમ બાકી રહેલ છે. જેથી અરજદાર ની નવા વીજ કનેક્શન ની અરજી ગ્રાહ્ય રાખેલ નથી.

૪.૩ તા. ૧૦.૦૨.૨૦૧૮ નો તાલુકા કાનૂની સેવા સમિતિ  પોરબંદર સમક્ષ પ્રિ.લિટિગેશન કેસ નં. ૦૧/૨૦૧૮ ની હકીકતો તથા હુકમ વંચાણે લેતા આ હાલ ના અરજદાર તેમાં પક્ષકાર નથી તેમજ તા. ૧૭.૦૨.૨૦૧૮ નું નોટરાઈઝડ અંડરટેકિંગ આપનાર ધાર્મિક ડી. કુબાવત જેણે પારસમણિ આઈસ ફેકટરી વતી અંડરટેકિંગ આપેલ છે જે વંચાણે લીધું જેમાં પણ હાલ ના અરજદાર પક્ષકાર નથી અલબત આ બાબતે સામાવાળા પક્ષકાર પીજીવીસીએલ દ્વારા લીગલ ઓપીનીયન મેળવેલ છે. જે રેકર્ડ ઉપર રજૂ થયેલ છે. જે કાયદાકીય દ્રષ્ટીકોણ થી યોગ્ય છે. લીગલ સર્વિસ ઓથોરીટી એક્ટ-૧૯૮૭ ની કલમ. ૨૧ તથા ૨૨ ની જોગવાઈ ઓ મુજબ લોક અદાલત નો ઠરાવ તે સિવિલ કોર્ટ ની

ડિક્રી (હુકમનામાં) બરાબર છે અને તે Executable decree ગણાય પરંતુ તે જે તે વિવાદ ના પક્ષકારો ને બંધન કર્તા છે. હાલનાઅરજદાર તેના પક્ષકાર નથી તેથી તેમણે તે બંધન કર્તા નથી તેવું આ ફોરમ નું મંતવ્ય છે.

૪.૪ અલબત્ત સદરહું હુકમ નામાની બજવણી કે અન્ય કાનૂની પ્રક્રિયા થઈ શકે પરંતુ તે જે તે પક્ષકાર સામે થઈ શકે મતલબ કે અગાઉના કબજેદાર/માલિક સામે કરવાની રહે છે હાલના અરજદાર સામે નહીં અને અગાઉ ના કબજેદાર/માલિક ના ડિફોલ્ટનો ભોગ હાલના અરજદાર ને બનાવી શકાય નહીં સામેવાળા પક્ષકારે જે તે વખતે બેંક ગેરંટી લઈ લીધેલ નથી જે રેકોર્ડ ઉપર જણાઈ આવે છે અને તે કારણસર હાલના અરજદારને કનેક્શન આપવા ઇનકાર કરી શકાય નહીં

૪.૫ અરજદાર દ્વારા સુનવણી દરમિયાન મૌખિક રજૂઆતો કરેલ જે ધ્યાને લીધેલ તથા અરજદાર દ્વારા ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક જીએફસી (જીઆઇસી)૧૦૨૦૦૩-૧૭૧૧- પી તા.૦૭.૦૨.૨૦૦૪ ની નકલ રજુ થયેલ છે.જે નીચે મુજબ છે.

૪.૬ (૧) ગુજરાત રાજય નાણાંકિય નિગમ અથવા ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ જે કેસોમાં સ્ટેટ ફાયનાન્સીયલ કોર્પોરેશન એકટની કલમ-૨૯ હેઠળ મળેલ સત્તાની રૂઇએ તે નિગમોના બાકી લેણાંની વસુલાત માટે એકમોની જાહેર હરાજી કરે ત્યારે, જાહેર હરાજીમાંથી પ્રાપ્ત થયેલ રકમમાંથી જાહેર હરાજી માટે થયેલ ખર્ચની રકમ એકમની મિલકતની જાળવણી, નિભાવ કે સલામત માટે જો સંબધિત નિગમે ખર્ચ કર્યુ હોય તો તે, ખર્ચ હરાજીની રકમમાંથી વસુલવામાં આવશે.

(૨) હરાજીની ઉપજની બાકી રકમ ગુજરાત રાજય નાલાકીય નિગમ, ગુજરાત ખોંધગિક મૂડીરોકાણ નિગમ, ગુજરાત સરકારનું વેચાણવેરા ખાતું, ગુજરાત સરકારના વિદ્યુત શુલ્ક, પેટે વસુલ લેવાના લેણા, ગુજરાત વિદ્યુત બોર્ડના લેણા અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ વચ્ચે પ્રોરેટાના ધોરણે વહેંચવામાં આવશે, ઉકત દરેક સંસ્થા અથવા ખાતાની મુદ્દલ કે વેરાની બાકી અને વ્યાજની કુલ રકમ ને આધારે પ્રોરેટાના દર નિયત કરવામાં આવશે. અને તે પ્રોરેટાના દરના ધોરણે હરાજીની રકમ માંથી ઉકત સસ્થા કે ખાતાને ચુકવણી કરવામાં આવશે.

(૩) પેનલ્ટી પેટે કે દંડનીય વ્યાજ પેટે કોઇ ચુકવણી કરવામાં આવશે નહી. પેનલ્ટી અને દંડનીય વ્યાજ નો સમાવેશ પ્રોરેટાની ગણતરીમાં કરવાનો રહેશે નહી.

(૪) જી.આઇ.ડી.સી.ના કેશમાં જમીન,પ્લોટ કે રોડની મુદલની બાકી લેણાંની રકમ ગણતરીમાં લેવાની રહેશે તેમાં નિભામણી ખર્ચ તે અન્ય રકમ ધ્યાને લેવાની રહેશે નહી.

(૫) હરાજીમાંથી એકમ ખરીદનાર પાસેથી ઉકત સંસ્થાઓએ કે ખાતાએ અન્ય કોઇ રકમ વસુલવા ની રહેશે નહીં, અને હરાજી માં ખરીદ કરેલ મિલકતો ઉપર સંસ્થા ખાતાનો કોઇ બોજો ટાંચ ચાલું રહેશે નહીં.

(૬) ઉકત સંસ્થાએ કે ખાતાએ નવા ખરીદનાર એકમ ચાલુ કરવા માટે શકય તેટલી મદદ કરવાની રહેશે.

(૭) હરાજી પહેલાના એકમના મૂળ માંલિક પાસેથી હરાજીની તારીખ સુધીમાં વેચાણવેરાની જુની બાકી વસુલાતો વ્યાજ સહિત વસુલ કરવાની વેચાણવેરા ખાતાની સત્તા આબાધિત રહેશે. હરાજીમાંથી વેચાણવેરા પેટે ફાળે પડતી મળેલ રકમ આવી બાકી વસુલાત સામે મજરે લેવામાં

આવશે. ગુજરાત વિદ્યુત બોર્ડને એકમના મુળ માલીક પાસેથી જુની બાકી વસુલાતો વ્યાજ સહિત વસૂલ લેવાની સતા આબાધિત રહેશે.

(૮) ઉકત વ્યવસ્થા ઠરાવની તારીખ પછી થનાર હરાજી ના કેસોને લાગુ પડશે. અગાઉ નિર્ણિત થયેલ કેસો પુનઃ ઉખેડવાના રહેશે નહીં.

૪.૭ ઉપરોક્ત ઠરાવના પારા નંબર ૭ માં જણાવ્યા મુજબ સામાવાળા પક્ષકાર પીજીવીસીએલ અગાઉ જીઇબી ને એકમના મૂળ માલિક પાસેથી જૂની બાકી વસૂલાતો વ્યાજ સહિત વસૂલ લેવાની સત્તા અબાધિત રહેશે જે ધ્યાને લેતા સામા વાળા પક્ષકારે જે કંઈ કાર્યવાહી કરવાની થાય તે જુના કબજેદાર/માલિક સામે કરવાની થાય છે તેવું સ્પષ્ટ થાય છે.આ ઉપરોક્ત પક્ષકારોની રજૂઆતો રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા કાયદા મુજબની પરિસ્થિતિ ધ્યાને લેતા ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૮ ઉપરોક્ત બાબતે અરજદાર શ્રી તેમજ પીજીવીસીએલ પક્ષકાર ની લેખિત અને મૌખિક રજૂઆતો, રેકોર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવા તથા કાયદા મુજબની પરિસ્થિતિ ધ્યાને લેતા, અરજદાર ની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવે છે અને તેઓ ની અરજી મુજબ દસ્તાવેજો ની ચકાસણી કરી માંગણી વળી જગ્યા એ વીજ જોડાણ આપવા પીજીવીસીએલ પક્ષકાર ને આગળ ની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

૪.૯ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી એન.આઈ.ઉપાધ્યાય | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧